સુવિચાર : અનુકૂળ સંજોગોમાં જીવતો માણસ સુખી છે.. પણ સંજોગોને અનુકૂળ બનાવી જીવતો માણસ એથી વધુ સુખી છે એસ. ભટ્ટાચાર્ય

**તાપમાન**
મહત્તમ : ૩૭.૫ ડીગ્રી
લઘુતમ : ૨૧.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૬ ટકા ● સાંજે ૪૭ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૦૩ | ૩ ઓકટોબર, ૨૦૧૫, શનિવાર ; ભાદરવા વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

### ફટાફટ ન્યુઝ

- બિહાર ચૂંટણીમાં મોટાપાયે મતદાન કરવા મોદીની મતદારોને અપીલ
- પાકમાં ત્રાસવાદી ખુલ્લીરીતે ફરી રહ્યા છે : સુષ્માનો દાવો
- મોદી ઇફેક્ટ : હવે ખાદીના વેચાણમાં ૮૮ ટકાનો વધારો
- કોટક બેંક સહિત આઠ બેંક દ્વારા ધીરાણના દરમાં કાપ
- અમેરિકામાં પુનઃ ગોળીબારની ઘટના : ૧૩ મોત
- ભાજપ-નિતિશના ગઠબંધન વચ્ચે તીવ્ર સ્પર્ધા છે : રિપોર્ટ
- બિરલાને કોલસા બ્લોક આપવા તરફેણ થઈ ન હતી : મનમોહન
- માંસની નિકાસ ઉપર પ્રતિબંધ મુકવાનો અખિલેશનો પડકાર
- અરૂણાચલ સરહદ પર ભારત-ચીન સેના વચ્ચે બેઠક
- એચ-૧-બી વીઝાની સાથે વધારાની ફી નહીં વસુલાય

# અંબાજી મંદિરને ઉડાવી દેવાની ધમકી

## વડોદરા પોલીસને ધમકીભર્યો પત્ર મળ્યો : મંદિર સંકુલ, ગબ્બર આસપાસ સઘન ચકાસણી : ધમકી બાદ ૧૮ કલાક સુધી ઊંડી તપાસમાં કંઇ ન મળતા રાહત





પાલનપુર, તા. ૨

ભારતના સુપ્રિસદ્ધ યાત્રાધામ શક્તિપીઠ અંબાજી મંદિરને અને અરવલ્લી સાંબરકાંઠા જિલ્લાનાં શામળાજી મંદિરને બોમ્બથી ફુંકી મારવાની ધમકી મળ્યા બાદ ઊંડી ચકાસણી હાથ ધરવામાં આવી હતી. સાથે-સાથે પોલીસ જવાનો પણ ગોઠવી દેવામાં આવ્યા હતા. ધમકી મળ્યા બાદ તમામ વિસ્તારમાં ચકાસણી બાદ કોઈ વાંધાજનક વસ્તુ ન મળતા તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, હાલમાં જ અંબાજીમાં મેળાની શાંતિપૂર્ણ રીતે પૂર્ણાહુતિ થઈ હતી. આ મેળામાં લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ પહોંચ્યા હતા. મેળા દરમિયાન પણ સઘન સુરક્ષા ગોઠવવામાં આવી હતી. મેળા દરમિયાન મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ પહોંચનાર હોવાથી પહેલાથી જ સાવચેતીના તમામ પગલા લેવાયા હતા અને આજે ધમકી મળ્યા બાદ ઊંડી ચકાસણી હાથ ધરાઈ હતી. એલર્ટની પણ જાહેરાત તંત્ર દ્વારા કરાઈ હતી. મંદિરને બોંબથી ઉડાવી દેવાનો ધમકી પત્ર વડોદરા પોલીસને ગતરોજ મળ્યો હતો. જેને પગલે વડોદરા પોલીસે બનાસકાંઠા પોલીસ વડા ચિરાગ કોરડીયાને જાણ કરી હતી. જેને પગલે વિવિધ પોલીસની એજન્સીઓ, ક્રાઈમ બ્રાંચ,સ્પેશિયલ ઓપરેશન ગૃપ, એસઓજી બોમ્બ સ્કોડ, ડોગ સ્કોડ સાથે પાલનપુરથી ૬૦

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્યભરમાં તાપમાન ઉચકાયું

અમદાવાદ,તા. ૨

અમદાવાદ સહિત રાજ્યના જુદા જુદા ભાગોમાં તાપમાનમાં સતત ફેરફારની સ્થિતિ જોવા મળી રહી છે. આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૩૭.૭ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૩.૩ ડિગ્રી નોંધાયું હતું. બીજીબાજુ હવામાન વિભાગ તરફથી જણાવવામાં આવ્યું છે કે, રાજ્યભરમાં મોટાભાગે તાપમાન સ્વચ્છ રહેશે. કોઈપણ પ્રકારની વરસાદની આગાહી કરવામાં આવી નથી. હાલમાં પ્રદેશ ઉપર નીચલી સપાટીએ ઉત્તરપુર્વીય પવનો ફુંકાઈ રહ્યા છે. આવી સ્થિતિમાં બેવડી સીઝનનો અનુભવ લોકો કરી રહ્યા છે.

આજે પાટનગર ગાંધીનગરમાં મહત્તમ તાપમાન ૩૭.૫ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૧ ડિગ્રી નોંધાયું હતું. આવી જ રીતે ડિસામાં ૩૯.૮ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. આવી જ રીતે લઘુત્તમ તાપમાન ૨૨.૩ ડિગ્રી નોંધાયું હતું. રાજ્યના જુદા જુદા ભાગોમાં મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં સતત ફેરફારની સ્થિતિ જોવા મળી રહી છે. કોઈપણ પ્રકારની ચેતવણી હવામાન વિભાગ તરફથી જારી કરવામાં આવી નથી. અમદાવાદમાં આવતીકાલે મહત્તમ તાપમાનમાં અનો લઘુત્તમ તાપમાનમાં આંશિક ફેરફાર જોવા મળી શકે છે. દરમિયાન સુરતમાં હવામાનમાં એકાએક પલટો આવ્યા બાદ વરસાદનું આગમન થયું હતું. જેથી ગરમીમાં ફરી લોકોને રાહત મળી હતી.

## શહેરમાં ભાદરવાનો તાપ

ગાંધીનગર, તા. ૨

ચોમાસાની ઋતુ હવે વિદાય લઈ રહી છે. ભાદરવાની ગરમી વસાહતીઓને હેરાન પરેશાન કરી રહી છે. આજે મહત્તમ તાપમાન ૩૭.૫ ડિ.સે. પહોંચી જતા નગરજનો આકરી ગરમીમાં હેરાન પરેશાન થયા હતા. ગયા અઠવાડિયે ગાંધીનગર સહિત સમગ્ર ગુજરાતમાં વરસાદ પડ્યા બાદ ધીમે ધીમે ચોમાસાની વિદાય થઈ રહી છે. આકાશ એકદમ ચોખ્ખુ થઈ ગયું છે. વાદળોની અવરજવર જરાય ન રહેતા છેલ્લા બે-ત્રણ દિવસથી ખુબ આકરો તડકો પડી રહ્યો છે. જેના કારણે ગરમી ખુબ વધી ગઈ છે. આજે મહત્તમ તાપમાન ૩૭.૫ ડિ.સે. પહોંચી જતાં ખુબ આકરી ગરમી અનુભવાઈ હતી.



યુવાનોને સલામ - અમદાવાદમાં સૌથી વધુ અવર-જવરવાળા વિસ્તાર કાલુપુર રેલવે સ્ટેશનને સ્વચ્છ કરવાનું પડકાર અમદાવાદની બીએપીએસ સંસ્થાના યુવાનોએ ઝીલી બતાવ્યો... ગાંધી જયંતિના પાવન પર્વે ૩૦૦થી વધુ યુવાનોએ વહેલી સવારથી સાંજ સુધી રેલવે સ્ટેશનના પાર્કીંગ, રીઝર્વેશન એરિયા, ટિકીટ વિન્ડો એરિયા, તમામ પ્લેટફોર્મ, ત્રણ ફુટ બ્રિજ, વેઈટીંગ રૂમ તથા દિવસ દરમિયાન આવતી-જતી ટ્રેનોની દરેક બોગી સ્વચ્છતાની ખાસ સામગ્રી વડે ચોખ્ખી ચણાક કરાઈ હતી... બીએપીએસના યુવાનોની કામગીરી હરહંમેશ નવો ચીલો ચાતરે છે... શિસ્તબદ્ધ અને સંસ્કારી માહોલમાં યુવાનો દ્વારા કરાયેલ સ્વચ્છતા અભિયાન ખૂબ જ પ્રસંશનીય રહ્યું હતું.

# શહેરમાં મેલેરિયાના કેસ ઘટ્યા પણ ડેન્ગ્યુના કેસોમાં ભારે ઉછાળો

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરમાં મેલેરિયાના કેસોની સંખ્યામાં ઘટાડો નોંધાયો છે જ્યારે ડેન્ગ્યુના કેસોની સંખ્યામાં ૨૦૦ ટકા જેટલો વધારો જોવા મળ્યો છે તેથી તંત્રએ આ સિઝનમાં એન્ટી લારવેલની કામગીરીને સૌથી ટોચની અગ્રતા આપી છે.

મળતી વિગતો પ્રમાણે સપ્ટે.-૨૦૧૪માં ડેન્ગ્યુના કેસ પાંચ હતા અને મેલેરિયાના કેસો ૨૪૮ હતા. આ વર્ષે ડેન્ગ્યુના કેસ ૧૪ અને મેલેરિયાના કેસો માત્ર ૯૮ નોંધાયા છે.

ડેન્ગ્યુના મચ્છરો ચોખ્ખા પાણીમાં થતા હોય છે. ડેન્ગ્યુના મચ્છરોની ઘનતા આ વર્ષે શહેરમાં વધુ જોવા મળી રહી છે. એડીસ નામના આ મચ્છરો દિવસ દરમ્યાન જ કરડતા હોય છે.

**આજે ઝેરી મેલેરિયાના ત્રણ કેસ નોંધાયા શહેર ડેન્ગ્યુ માટે વધુ સંવેદનશીલ બન્યુ છે**

ડેન્ગ્યુના કેસો માટે સે. ૨, ૩, ૫ અને ૩૦ તેમજ સે. ૨૪ સૌથી સંવેદનશીલ વિસ્તાર હોવાનું તંત્રના અધિકારીઓ માની રહ્યા છે. આજે પણ સે. ૪એમાંથી ડેન્ગ્યુ પોઝીટીવનો એક કેસ મળ્યો હોવાનું જાણવા મળેલ છે.

શહેરમાં શંકાસ્પદ ડેન્ગ્યુના કેસો ૬૩ જેટલા હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

બીજી તરફ ગાંધીનગર શહેરમાં આજે ઝેરી મેલેરિયાના એક જ દિવસમાં ત્રણ જેટલા કેસ નોંધાયા હોવાનું જાણવા મળેલ છે. શહેરમાં વાહકજન્ય રોગચાળો વધી રહ્યો છે અને તંત્ર પણ એન્ટી લારવેલની કામગીરીને સઘન બનાવી રહેલ છે જેથી પરિસ્થિતિ નિયંત્રણમાં રહે.

ગાંધીનગર શહેરમાં તંત્રની ટીમોએ ૨૩૦૦ થી પણ વધુ સ્થાનો પરથી એડીસ મચ્છરના બ્રિડીંગ અને લારવા શોધી તેનો નાશ કરેલ છે. જાહેર મિલ્કતોમાંથી આ મચ્છરના હેવી બ્રિડીંગ મળી રહ્યા છે તે તંત્ર માટે ચિંતાનો વિષય બનેલ છે. તંત્રએ અત્યાર સુધીમાં પાંચ એકમોને નોટીસ પણ પાઠવી છે તે ઉલ્લેખનીય છે.

## આજે કુલપતિઓની મહત્વની બેઠક

અમદાવાદ, તા. ૨

નવી શિક્ષણ નિતી તૈયાર કરવા માટે રાજય સરકારનાં શિક્ષણ વિભાગ દ્વારા કવાયત હાથ ધરવામાં આવી છે. આ મામલે ચર્ચા કરવા માટે ગુરૂવારે અમદાવાદ ખાતે રાજયસ્તરની બેઠક પણ યોજાઈ હતી. જો કે આ બેઠકમાં નિષ્કર્ષ ન નિકળતા હવે શિક્ષણ વિભાગ દ્વારા રાજયની તમામ યુનિવર્સિટીઓનાં કુલપતિઓની અલગથી બેઠક યોજવાનો નિર્ણય કર્યો છે. આ બેઠક આવતી કાલે અમદાવાદમાં મળશે.

FULL Course in 1 Month
Std. 11, 12 (M, P, C, B)
GSEB in
ગુજરાતી/Eng Medium
Personal Tuition
Branch Sector-4 & 21
Premal Sir & Yadav Sir
M 8866559799 & 98240 21840

PRIME LOCATION FOR YOUR BUSINESS
હસમુખભાઇ પટેલ
9898935008
9737124032
ઓફિસ નંબર
9904483888
atria
"The Business Hub"
દુકાનો-ઓફિસો, ભાડે-વેચાણ આપવાની છે.
atria corner, KH-0, સરગાસણ ચાર રસ્તા, ગાંધીનગર

મકાન ભાડે આપવાનું છે
ગર્લ્સ માટે / બોયઝ માટે જમવાના સાથે સવારે - સાંજે
સંપર્ક : ૯૮૨૪૨ ૬૧૦૬૭




